વર્ષ – 2022/23

# ઉજાસ ભણી

## કાર્યક્રમ

# અહેવાલ

## વર્ષ – ૨૦૨૨/૨૩

શાળાનું નામ –

તાલુકો –

જીલ્લો –



ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે અત્રેની શાળામાં ઉજાસ ભણી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.

વર્ષ ૨૦૧૮–૧૯ થી રાજયની સરકારી શાળાઓમા ઉજાસ ભણી... ક્ર્યક્રમની ઉજવણી ઉત્સાહભેર કરાય છે. ત્યારે તા.૦૨/૦૯/૨૦૨૨ શુક્રવારના રોજ બપોરે ૩:૦૦ થી ૪:૦૦ કલાક દરમિયાન અમારી શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને “જેન્ડર ઇક્વિટી” વિષય પર વધુ અવગત કરવા વિવિધ વિભાગો સાથે સંકલન સાધી તેમના તજ ની મદદ લઈ બાયસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ–નં (૧) પર અલગ–અલગ એપિસોડ બતાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન ધોરણ ૬ થી ૮ ના બાળકોને બોલપેન અને નોટ લઈને બેસાડવામાં આવ્યા અને બાળકોને આ કાર્યક્રમની બાયસેગ તથા અમારા શાળાના શિક્ષકો દ્વારા સમજ આપવામાં આવી.




સૌ પ્રથમ ઉજાસ ભણી કાર્યક્રમની શરૂઆત માં પરિચય આપવામાં આવ્યો.




ત્યારબાદ ડૉ. વિશ્વજીત યાદવ સાહેબ, લેકચરર – ડાયટ, વડોદરા દ્વારા જેન્ડર અને સમાજ વિશેનું દ્રષ્ટિકોણ ની સમજ આપવામાં આવી.

જેમાં એમને કહ્યું કે ‘આ મુદ્દામાં આપને સેક્સ અને જેન્ડર વચ્ચે તફાવતને સમજવાનું પ્રયત્ન કરીશું. આપણે એ પણ જાણીશું કે જેન્ડરની ભૂમિકા અને સ્ટીરિયોટાઈપ (અયોગ્ય/અનુચિત રીતે ફિક્સ થયેલી છવિઓ) રીતે નિર્મિત છે. અને આ અંગે બદલાવ માટે શિક્ષણની શું ભૂમિકા હોઈ શકે.

## લિંગ (સેક્સ) અને જેન્ડર વચ્ચે તફાવત :

| લિંગ (સેક્સ) | જેન્ડર |
|---|---|
| જૈવિક છે | સામાજિક રીતે નિર્મિત છે |
| તમે તેની સાથે જ જન્મ લીધો છે | જેન્ડર તે છે જે વાસ્તવિક રીતે વ્યક્ત થાય છે – આપણે કેવા દેખાઈએ છીએ , આપણે કેવી રીતે કાર્ય કરીએ છીએ અને આપણે કેવા અનુભવીએ છીએ |
| બદલી શકાતું નથી (શલ્ય ચિકિત્સા વગર) | વિવિધ સમાજો , દેશ , કાલ , પરિસ્થિતિ , સંસ્કૃતિ ના આધારે બદલાય છે , જેન્ડર સંબધી રૂઢિગત માન્યતાઓ અલગ – અલગ હોય છે |

## સ્ટીરિયોટાઇપ શું છે ?:

- સમાજીકરણની પ્રક્રિયામાં જેમ – જેમ આપણે મોટા થઈએ છીએ તેમ આપણી અપેક્ષાઓ અને સ્વ – સંકલ્પનાઓ આકાર પામે છે. આ પ્રક્રિયામાં કેટલીક તરાહો અને માઈન્ડસેટ એક જનરેશન થી બીજી જનરેશનમાં પ્રસારિત થાય છે.
- જેન્ડર પુરુષો, મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર્સનો સંદર્ભ આપે છે.
- ટ્રાન્સજેન્ડર્સ લોકો એટલે એવી વ્યક્તિઓ જે તેમની જૈવિક લિંગ જાતીયતાના આધારે તેમને આપવામાં આવેલ જેન્ડર સાથે મેળ ખાતા નથી.
- વિદ્યાર્થીઓ ને તેમની નોટ્લકમાં એક  ટેબલ દોરાવ્યું (જેમાં ત્રીજા ખાનામાં નામ લખવાનું કહ્યું)
- મિત્રો તમે એવા કેટલાક શબ્દો કે જે તમે સ્ત્રીઓ સાથે જોડે છે અને એવા કેટલાંક શબ્દો કે જે તમે પુરુષો સાથે જોડો છો તે જણાવશો.
- શબ્દો સકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારના હોઈ શકે. તમે તમારા પોતાના શબ્દો લખી લીધા હશો.. જે અહિયાં આપેલા શબ્દો "જેવા અથવા અલગ હોઈ શકે.

## સ્ટીરિયોટાઇપ શું છે ?:

હવે મિત્રો તમે કોલમના શબ્દોની અદલા બદલી કરો. તમે વિચારો કે લખેલા શબ્દો બદલાયેલ જેન્ડર સાથે મેળ ખાય છે. દાખલા તરીકે, શું સ્ત્રિયો માટે કઠોર, ક્રૂર, સ્નાયુબદ્ધ, દાઢી રાખવી તેમજ પુરુષો માટે સંવેદનશીલ, શરમાળ જન્મ આપવો, ગુસપુસ કરવી, સ્તનપાન કરાવવું વગેરે શક્ય છે.

## જેન્ડરની ભૂમિકા અને ભેદભાવ :

હવે મિત્રો આપણે એવી રૂઢિગત માન્યતાઓના પ્રભાવોનું વિશ્લેષણ કરીએ જેના કારણે ભેદભાવ ઉત્પન્ન થાય છે. જેન્ડર આધારિત ભૂમિકાઓ અને અપેક્ષાઓને લીધે સ્ત્રીઓ અને પુરુષો બંનેને અસર થાય છે.

હવે વિચારો – તમને શું લાગે છે કે પુરુષોએ ઘરના ક્યાં કયા કામ શીખવું જોઈએ અને કરવા જોઈએ ? શા માટે ? ઘરકામમાં પુરુષોની સમાન ભાગીદારી સ્ત્રીઓના જીવનને કેવી અસર કરશે. ઘરકામમાં પુરુષો અને છોકરાઓની સમાન ભાગીદારી તેમના પોતાના જીવનને કેવી અસર કરશે.

## સમરી :

કામકાજની સાથે સાથે છોકરીઓ અને છોકરાઓ માટે નવરાશનો સમય તેમજ રમવું પણ એટલુ જ જરૂરી છે અને તેમને સમાન તક આપવી જોઈએ. જયારે વ્યક્તિ સાથે તેની જેન્ડરના આધારે અસમાન રીતે વર્તવામાં આવે છે અને તેમને અમુક અધિકારોથી વંચિત રાખવામાં આવે છે, ત્યારે તેને જેન્ડર આધારિત ભેદભાવ કહેવામાં આવે છે.



## જેન્ડર આધારિત ક્વિઝ :

અહી ક્વીઝ દ્વારા વિદ્યાર્થી મિત્રોને પ્રશ્નોના જવાબ આપવા કહ્યું.

પ્રશ્ન– ૧ નીચેનામાંથી કયો વાકય સાચો છે ?

1. છોકરાઓ છોકરીઓથી વધુ મહેનતી હોય છે.
2. મહિલાઓનું સ્થાન ઘરે છે.
3. છોકરાઓ અને છોકરીઓ સાથે સમાન વ્યવહાર કરવું જોઈએ.
4. છોકરીઓને સ્કૂલ મોકલવું જોઈએ નહિ તે વિવાહ માટે બનેલી છે.

આવી અન્ય ક્વીઝ દ્વારા બાળકોને પ્રશ્નોના જવાબો આપવા કહ્યું.




આમ વિદ્યાર્થીઓને જેન્ડર ઈક્વિટી અને જેન્ડર સમાનતાની બાયસેગ તથા શાળાના શિક્ષક સ્ટાફ દ્વારા પણ સમજ આપવામાં આવી.

દરેક વિદ્યાર્થીએ આ ઉજાસ કાર્યક્રમ ની પોતાની નોટબુકમાં નોધ કરી. પ્રસારણના અંતે દરેક વિદ્યાર્થી માટે ગરમ તેમજ પોષ્ટિક નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## •બાળકોને શા માટે વિશિષ્ટ કાળજીની જરૂર પડે છે ?




તેઓ જે પરિસ્થિતિ હેઠળ જીવે છે તે માટે બાળકો પુખ્તો કરતા વધારે જુદી હોય છે. તેથી સરકાર અને સમાજની ક્રિયા અને નિષ્ક્રિયતા દ્વારા તેઓ ઉંમરના બીજા વર્ગો કરતા વધારે અસરગ્રસ્ત થાય છે. આપણા જેવા મોટાભાગના સમાજોમાં અવલોકનનો દઢ કરે છે કે બાળકો તેમના વડિલોની સંપત્તિ છે. અથવા રચનામાં પુખ્તો છે, અથવા સમાજને યોગદાન આપવા માટે હજી તૈયાર નથી. બાળકો વ્યક્તિ જેવા દેખાતા નથી જેને તેનું પોતાનું મગજ છે. વ્યક્ત કરવા માટે અવલોકનો છે. પસંદગી કરવાની ક્ષમતા છે અને નિર્ણય કરવાની આવડત છે. પુખ્તો દ્વારા માર્ગદર્શન મળવાને બદલે પુખ્તો તેમના જીવનના નિર્ણયો કરે છે બાળકો પાસે ના મત છે કે ના રાજકીય પ્રભાવ અને તેમની પાસે અલ્પ આર્થિક બળ છે. ઉપરાંત ઘણીવાર તેમના અવાજોને સાંભળવામાં આવતા નથી બાળકો શોષણ અને દુરૂપયોગને સવિશેષરૂપે જુદા હોય છે.

## 'બાળક' એટલે કોણ?

આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ,'બાળક'એટલે 18 વર્ષની ઉંમર નીચેનો દરેક માનવી. આ સાર્વત્રિકપણે સ્વીકારેલી બાળકની વ્યાખ્યા છે

## બાળકોને આપણે કયા દષ્ટિકોણથી જોઈએ છીએ

બાળકોએ ફકત આપણાં સંતાન, વિદ્યાથીઓ, ગ્રાહકો અને ભાવિ નાગરિકો વિગેરે નથી પરંતુ સ્વતંત્ર અને આગવું વ્યકિતત્વ છે જે દરેકને પોતાના અધિકારો છે.



## અધિકાર અથવા હક એટલે શું ?

વ્યકિત માટે યોગ્ય અને ન્યાયી તમામ પાયાની જરૂરિયાતને અધિકાર કહેવાય. દરેક બાળકને સમાનતાના ધોરણે પુખ્તો જેટલા જ સમાન અધિકાર છે. બાળપણનું પોતાનું મૂલ્ય છે પણ બાળકની કુમળી વયની જરૂરીયાતને કારણે તેને ખાસ રક્ષણ અને કાળજીની પણ જરૂર છે. બાળકોના શ્રેષ્ઠ હીતને જ પ્રાથમિકતા આપવી જોઈએ.



વર્ષ – 2022/23

# કાર્યક્રમના ફોટોગ્રાફ્સ

# SHIKSHAN SAGAR (શિક્ષણ સાગર) એપ્લીકેશન ની વિશેષતા

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે

૧. ટીચર ૨. વિદ્યાર્થી

૩. ટીચર હેલ્પ ડેસ્ક

**ટીચર** – ઓનલાઈન હાજરી, MDM હાજરી, SAS ગુજરાત, ગુણોત્સવ પોર્ટલ, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, GSHALA લોગીન, આધાર ડાયઝ એન્ટ્રી, શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી, ખેલ મહાકુંભ એન્ટ્રી, ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી, CPF ચેક કરો, ઓનલાઈન PLI – LIC ભરો **આ એપ ડાઉનલોડ કરવા અહી ક્લિક કરો**

**વિદ્યાર્થી** – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન, શિક્ષક આવૃત્તિ, સ્વ અધ્યયનપોથી, ઓનલાઈન MCQ ,યુનિટ ટેસ્ટ,એકમનું સ્વાધ્યાય, MP3 કાવ્ય ,અધ્યયન નિષ્પતી ,અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો ,સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

**ટીચર હેલ્પ ડેસ્ક** – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ, તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો, તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો, મૂંઝવણ અને માર્ગદર્શન